

# World Entrepreneurs Day

તા.21/08/2026.

આજ રોજ સરકારી વિનયન કૉલેજ, અમીરગઢમાં Entrepreneurs Committee અને Innovation ક્લબ અને SSIP 2.0ના સંયુક્ત ઉપક્રમે વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ડૉ. મહેશ પ્રજાપતિ દ્વારા સૌપ્રથમ સ્ટાર્ટ અપ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા, મેડ ઈન ઇન્ડિયા અને આત્મનિર્ભર ભારત જેવા પ્રકલ્પો વિશે વાત કરી વિદ્યાર્થીઓને આજના દિવસનું મહત્ત્વ સમજાવ્યું હતું. ઉપરાંત EDII અને એના દ્વારા દર વર્ષે વિવિધ સેમિસ્ટરના વિદ્યાર્થીઓને આપવામાં આવતી ઉદ્યોગ સાહસિકતા અંગેની તાલીમ, POC પ્રપોઝલ વિશે તેમજ ગ્રાન્ટ ફાળવણી વિશે વિસ્તૃત સમજ અને માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ ડૉ. બ્રિજેશ પુરોહિત દ્વારા વિદ્યાર્થીઓને Innovation અને Entrepreneurship વચ્ચેની ભિન્નતા સમજાવી, વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિક બનવા અને નવીનતા અને કૌશલ્યલક્ષી બનવા પ્રેરિત કર્યાં હતાં. આ કાર્યક્રમમાં કુલ 78 વિદ્યાર્થીઓ સહભાગી થયા હતાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન કૉલેજના ડૉ. મહેશ પ્રજાપતિ, ડૉ. બ્રિજેશ પુરોહિત અને ડૉ નિતિનકુમાર જાદવ દ્વારા સંયુક્ત રીતે સંસ્થાના આચાર્યશ્રીના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ સુચારુ રીતે કરવામાં આવ્યું હતું.




SSIP કો-ઓર્ડીનેટર

ડૉ .નિતિનકુમાર જાદવ

SSIP 2.0
CO. ORDINATOR
Government Arts College
Amirgadh, Dist. B. K.

GOVT. ARTS COLLEGE
Govt. of Gujarat
Amirgadh